# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત - સુધારો

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.૦૧/૦૮/૨૦૧૬ ના રોજ **હિસાબી અધિકારી વર્ગ-૨** અને **વાણિજ્ય વેરા અધિકારી, વર્ગ-૨** માટે અનુક્રમે ૧૫૦ અને ૧૩૧ જગ્યાઓ પર ભરતી કરવા માટે જાહેરાત ક્રમાંક.-૩૭/૨૦૧૬-૧૭ પ્રસિધ્ધ કરવામાં આવેલ અને તા.**૨૪/૦૮/૨૦૧૬** સુધીમાં અરજીઓ મંગાવવામાં આવી હતી. નાણા વિભાગના તા.૨૪-૧૦-૨૦૧૬ અને તા.૨૮-૧૦-૨૦૧૬ના જાહેરનામાથી ઉક્ત બન્ને જગ્યાના ભરતી નિયમોમાં તેમજ તા.૦૯/૧૧/૨૦૧૬ના જાહેરનામાથી ભરતી પરીક્ષા નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની જોગવાઇમાં તા.૩૧/૦૭/૨૦૧૬ની અસરથી અમલી થાય તેવો સુધારો પ્રસિધ્ધ થતા તા.૨૪/૦૮/૨૦૧૬ના રોજ **ફક્ત** નીચેની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અન્ય શરતો પરિપૂર્ણ કરતા ઉમેદવારો પાસેથી ઉક્ત બન્ને જગ્યામાં ભરતી માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે:-

**"ભરતી નિયમોમાં જણાવ્યા મુજબની માન્ય માસ્ટર ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન [ફાયનાન્સ]" ની લઘુત્તમ બીજા વર્ગની ડીગ્રી**:".

ઉપરોક્ત જાહેરાત અન્વયે અગાઉ જે ઉમેદવારોએ અરજી કરેલ છે તેઓએ પૂન: અરજી કરવાની રહેશે નહી. અરજીઓ **તા.૧૮/૧૧/૨૦૧૬, ૧૩-૦૦ કલાકથી તા.૩૦/૧૧/૨૦૧૬, ૧૩-૦૦** કલાક સુધીમાં કરવાની રહેશે. ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** વેબ સાઇટ પર જઇ અરજી કરવાની રહેશે. વિસ્તૃત વિગતો આયોગની **www.gpsc.gujarat.gov.in** પર જોઇ લેવાની રહેશે.

તારીખ-૧૮/૧૧/૨૦૧૬

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવીત માસ | મુખ્ય લેખિત પરીક્ષા માટે સૂચિત માસ | મુખ્ય લેખિત પરીક્ષાના પરિણામનો સંભવીત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવીત માસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |
| ૩૭ | હિસાબી અધિકારી, વર્ગ-૨, ગુજરાત હિસાબી સેવા | ૧૫૦ | ૨૨/૦૧/૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ | જુન-૨૦૧૭ | ઓકટોબર-૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ |
| | વાણિજિયક વેરા અધિકારી, વર્ગ-૨, ગુજરાત વાણિજિયક વેરા સેવા | ૧૩૧ | | | | | |
| | કુલ | ૨૮૧ | | | | | |